ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



**ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાના સત્તાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવતા પક્ષના તમામ સભ્યોએ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા**

# વિવિધ તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારો નિમાયા

(પ્રતિનિધિ) 456, તા.2

તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ, પંચમહાલ-દાહોદ જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતા અને દંડકની નિમણૂક માટેની પ્રક્રિયા તેજ બની હતી આજે ૨૫ મે ને સોમવારના રોજ સત્તાવાર નિમણૂક , જે અંતર્ગત રવિવારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાના સત્તાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવતા પક્ષના તમામ સભ્યોએ આ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે બીજી તરફ નિમણુંક કરાયેલા તમામ પદાધિકારીઓમાં પણ હવે વિકાસના નામે કંઈક કરી છુટવાની ખેવના વ્યક્ત કરવામાં આવી હતી. હવે જોવુ એ રહ્યુ કે આ હોદ્દેદારો, પદાધિકારીઓ અને અન્ય હોદ્દાઓ ઉપર નિમાયેલા આ મૂરતિયાઓ લોકોની આશાઓ પર કેટલા ખરા ઉતરે છે અને જનતાલક્ષી શું શું કામ કરી બતાવે છે તે આવનારા દિવસો બતાવશે.

## સુખસર તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અગ્રેસર




**સુખસર :** તાલુકા પંચાયતની 18 બેઠકોની ચૂંટણી યોજાઈ ગઈ જેમાં વિજેતા ઉમેદવારોમાં ભાજપના 9 કોંગ્રેસના 6 તથા આમ આદમી પાર્ટીના 3 ઉમેદવારોની જીત થઈ હતી જ્યારે આજરોજ સુખસર તાલુકા પંચાયત પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી.જેમાં ચૂંટાયેલા આમ આદમી પાર્ટીના એક સભ્ય સિવાય 17 સભ્યો હાજર રહ્યા હતા.હાજર રહેલા 17 સભ્યો માં 9 ભાજપના 6 કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના 2 તાલુકા સભ્યો હાજર રહ્યા હતા જ્યારે એક આમ આદમી પાર્ટીના સભ્ય ગેરહાજર રહ્યા હતા. સભ્યો હાજર રહેતા નવ મતો ભાજપના ખાતામાં પડતા જ ભાજપનું સંખ્યાબળ 9 થયું હતું. જ્યારે આમ આદમી પાર્ટીના એક સભ્ય હાજર રહ્યા ન હતા.જેનો સીધો ફાયદો ભાજપને મળ્યો હતો.

## ગરબાડા તાલુકા પંચાયતમાં ભાજપનો વિજય; નીલાબેન દેહદા પ્રમુખ, રમણભાઈ ભુરીયા ઉપપ્રમુખ બન્યા



**ગરબાડા :** ગરબાડા તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની વરણીમાં ભાજપે વિજય મેળવ્યો છે. ભાજપના નીલાબેન શૈલેષભાઈ દેહદા પ્રમુખ તરીકે અને રમણભાઈ જોતિયાભાઈ ભુરીયા ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા છે. પ્રમુખ પદ માટેની ચૂંટણીમાં નીલાબેન દેહદાને 21 મત મળ્યા હતા, જ્યારે તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના રિંકુબેન પરમારને માત્ર 3 મત મળ્યા હતા. આ સાથે નીલાબેન દેહદા વિજયી જાહેર થયા હતા. તેવી જ રીતે, ઉપપ્રમુખ પદ માટે ભાજપના રમણભાઈ ભુરીયાને 19 મત મળ્યા હતા. તેમના સામેના ઉમેદવાર તેજન્દ્ર ચૌહાણને 3 મત મળતા રમણભાઈ ભુરીયાનો વિજય થયો હતો. ચૂંટણી પરિણામો બાદ કોંગ્રેસમાં આંતરિક ભંગાણ અને ક્રોસ વોટિંગની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## સિંગવડ તાલુકા પંચાયતમાં ૧૮માંથી ૧૫ બેઠકો ભાજપે વિજય મેળવી, પ્રમુખ ઉપપ્રમુખની વરણી



**સિંગવડ :** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માં સિંગવડ તાલુકા પંચાયતની 18 બેઠકો ની ચુંટણી યોજાઈ હતી જેમાં ભાજપને 15 બેઠકો તથા આમ આદમી પાર્ટીનાં 3 સભ્યો ચુંટાયા હતા જે અનુસંધાને આજે તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની ચુંટણી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તાલુકા પંચાયતના મિટિંગ યોજવામાં આવી હતી જેમાં ભાજપ તરફથી પ્રમુખ માટે નિર્મળાબેન નરવતભાઈ ભાભોર તથા ઉપપ્રમુખ માટે નિરાલીબેન અમિતભાઈ બારીયા એ ઉમેદવારી નોંધાવી હતી જેમાં કુલ 18 સભ્યોમાંથી ભાજપના 13 સભ્યનું સમર્થન મળતાં ભાજપના નિર્મલાબેન નરવતભાઈ ભાભોર પ્રમુખ તરીકે તથા નિરાલીબેન અમિતભાઈ બારીયા ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા તથા ભાજપ તરફથી કારોબારી સમિતીના ચેરમેન તરીકે કનુભાઈ હીરાભાઈ બારીયા પક્ષના નેતા તરીકે હંસાબેન રાજેશભાઈ બારીયા દંડક તરીકે પ્રતાપભાઈ રૂપસિંહભાઈ ભુરીયાની નિમણુક કરતા સૌએ અભિનંદન પાઠવ્યા હતા

## કાલોલ તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે જયપાલસિંહ રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે સંજયસિંહ રાઠોડની વરણી



**કાલોલ :** કાલોલ તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય બેઠક આજરોજ તાલુકા પંચાયતના સભાખંડમાં પંચમહાલ જિલ્લા નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી)ડો.એમ.કે.ડોડીયા ની અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં કાલોલ તાલુકા વિકાસ અધિકારી આર.પી.પ્રજાપતિની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં કાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે જયપાલસિંહ રાઠોડ ની વરણી કરવામાં આવી. જ્યારે ઉપપ્રમુખ તરીકે સંજયસિંહ રાઠોડ ની પસંદગી સાથે જ કાલોલ તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી ત્યારે કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલી બેઠક દરમિયાન નવા હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

## લીમખેડા તા.પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિત હોદ્દેદારોની વરણી થતાં અભિનંદન વર્ષા કરાઇ



**લીમખેડા :** લીમખેડા તાલુકા પંચાયત માં ફરી એકવાર ભગવો લહેરાયો ૨૪ સીટો માંથી ૧૫ બેઠકો વિજય મેળવી પ્રમુખ ઉપપ્રમુખ ની ચુંટણી માં વિજય મેળવી ભાજપે સત્તાના સુકાન સંભાળ્યા હતા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માં લીમખેડા તાલુકા પંચાયત ની ૨૪ બેઠકો ની ચુંટણી યોજાઈ હતી જેમાં ભાજપને ૧૪ બેઠકો તથા એક અપક્ષ સભ્ય ભાજપાને સમર્થન કરતા કુલ ૧૫ બેઠકો તથા આમ આદમી પાર્ટી નાં નવ સભ્યો ચુંટાયા હતા. કુલ ૨૪ સભ્યો માંથી ભાજપના ઉમેદવાર ને ૧૫ સભ્યનું સમર્થન મળતાં ભાજપના નરવત ડાંગી પ્રમુખ તરીકે તથા દિલીપ કટારા ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા તથા ભાજપ તરફથી કારોબારી સમિતી ના ચેરમેન તરીકે માયા બેન યોગેશ શાહ પક્ષના નેતા તરીકે રેખા બેન મુકેશભાઈ બારીયા દંડક તરીકે રણજીત પટેલ નું નામ નક્કી કરાતા દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર જીલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલ ધરીયા પાર્ટી પમુખ સામભાઈ કટારા મહામંત્રી કનક ભાઈ પટેલ પપ્પુ ભાઈ શાહ રતનસિંહ રાવત મુન્ના ભાઈ લબાના તથા તમામ હોદ્દેદારો એ ચુંટાયેલા સભ્યો ને અભિનંદન પાઠવ્યા હતા.

## હાલોલ તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ સત્તાવાર જાહેરાત




**હાલોલ :** તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ, હાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતા અને દંડકની નિમણૂક માટેની પ્રક્રિયા તેજ બની હતી આજે ૨૫ મે ને સોમવારના રોજ સત્તાવાર નિમણૂક , જે અંતર્ગત રવિવારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાના સત્તાવાર ઉમેદવારોના નામ જાહેર કરી પ્રમુખ નીરૂબેન પ્રતાપભાઈ બારિયા,ઉપ પ્રમુખ તરીકે પ્રવિણસિંહ ઉદેસિંહ પરમાર,કારોબારી અધ્યક્ષ તરીકે ગોપાલસિંહ ગુલાબસિંહ બારિયા,પક્ષ ના નેતા તરીકે ચેતનસિંહ ઉદેસિંહ સોલંકી અને દંડક તરીકે અશોકભાઈ ગોવિંદભાઈ બારીયા મેન્ડેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભાજપના સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા, જેમાં સ્થાનિક ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, મયુરધ્વજસિંહજી પરમાર, જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડા હાલોલ તાલુકા ભાજપા પ્રમુખ જયેન્દ્રસિંહ ચૌહાણ તમામ હોદ્દેદારો હાજર રહ્યા હતા. ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ અને સમય પૂર્ણ થવા સુધીમાં અન્ય કોઈ પણ રાજકીય પક્ષ કે અપક્ષ ઉમેદવાર દ્વારા દાવેદારી નોંધાવવામાં આવી ન હતી.

## ફતેપુરા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદે મહિલાઓએ બાજી મારી




**સુખસર :** આજે યોજાયેલી સત્તાવાર ચૂંટણી પ્રક્રિયાના અંતે ભાજપના અલ્પાબેન પંકજભાઈ ડામોરની ફતેપુરા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. જ્યારે સરલાબેન કનુભાઈ પારગી ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા છે. ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર ફતેપુરા તાલુકા પંચાયતમાં કુલ 18 સભ્યો છે.આજની બેઠકમાં 16 સભ્યો હાજર રહ્યા હતા. જ્યારે કોંગ્રેસના બે સભ્યો ગેરહાજર રહ્યા હતા. હાજર રહેલા 16 સભ્યોમાંથી ભાજપ પાસે પોતાના 7 ચૂંટાયેલા સભ્યો હતા.સામે પક્ષે, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) ના ગઠબંધનના કુલ 7 સભ્યો હાજર હતા.ચૂંટણીમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે સભામાં હાજર રહેલા બે અપક્ષ સભ્યોએ ભાજપની તરફેણમાં મતદાન કર્યું.આ બે મતો ભાજપના ખાતામાં પડતાં જ ભાજપનું સંખ્યાબળ 9 થયું જે વિપક્ષી ગઠબંધન સામે સ્પષ્ટ બહુમતી હતી.કોંગ્રેસના બે સભ્યોની ગેરહાજરી અને અપક્ષોના સાથથી ભાજપે ફતેપુરા પંચાયતની સત્તા મેળવી છે. વિજયની સત્તાવાર જાહેરાત થતાં જ તાલુકા પંચાયત કચેરી બહાર એકઠા થયેલા કાર્યકરોએ વિજેતા પ્રતિનિધિઓને અભિનંદન પાઠવ્યા

## દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ ગમાબેન મોહનીયા ઉપપ્રમુખ વિજયસિંહ અમલિયારની વરણી




**દાહોદ :** દાહોદ તાલુકા પંચાયત પ્રમુખ અનિલભાઈ કિશોરી અને ઉપ પ્રમુખ બાલુભાઈ પરમાર ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઇ કટારા અને ઉપ પ્રમુખ તેજલબેન ભાભોર સંજેલી તાલુકા પંચાયત પ્રમુખ મહેદીપકુમાર પલાશ ઉપ પ્રમુખ રામસિંગભાઈ ભાભોર ફતેપુરા તાલુકા પંચાયત પ્રમુખ અલ્પાબેન ડામોર અને ઉપ પ્રમુખ સરલાબેન પારગી સુખસર તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ડામોર અને ઉપ પ્રમુખ મંજુલાબેન ગરાસિયા લીમખેડા તાલુકા પંચાયત પ્રમુખ નરવત ભાઈ ડાંગી ઉપ પ્રમુખ દિલીપભાઈ કટારા ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ નીલાબેન દેહદા ઉપ પ્રમુખ રમણભાઈ ભુરીયા દે બારિયા તાલુકા પંચાયત પ્રમુખ જશોદાબેન રાઠવા ઉપ પ્રમુખ સુરેશભાઇ પટેલ સિગવડ તાલુકા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ભાભોર અને ઉપ પ્રમુખ નિરાલી બેન બારિયા ગોવિંદ ગુરુ લીમડી તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મી બેન ડિંડોર અને ઉપ પ્રમુખ મિનેશભાઈ ડામોર આ તમામ ચૂંટાયેલ ને અભિનંદન અને મીઠાઈ ખવડાવી ફટાકડા ફોડી આનંદ સાથે જીતની ઉજવણી કરવામાં આવી હતી.

**હાલોલ કોર્ટમાં ચેક રીટર્ન કેસમાં ચોંકાવનારો વળાંક**

## લોનના બહાને ડ્રાઈવરના નામે બોગસ એકાઉન્ટ ખોલી આચરાયું કૌભાંડ, આરોપી નિર્દોષ

(પ્રતિનિધિ) કાલોલ, તા.25

હાલોલની એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં વર્ષ ૨૦૧૯થી ચાલી રહેલા એક હાઈ-પ્રોફાઈલ ચેક રીટર્ન કેસ (ક્રિમીનલ કેસ નં. ૮૧૯/૨૦૧૯) માં એક અત્યંત ચોંકાવનારી હકીકત સામે આવી છે. એક સામાન્ય ડ્રાઈવરના અજાણતા તેના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને બેંક મેનેજર અને અન્ય ઈસમોની મિલીભગતથી લાખો રૂપિયાનું લોન કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો બચાવ પક્ષ દ્વારા કોર્ટ સમક્ષ ખુલાસો કરવામાં આવ્યો છે. શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લિમિટેડ (હાલ મર્જ થયેલ શ્રીરામ ફાઈનાન્સ કંપની) ના અધિકૃત અધિકારી દ્વારા ઘોઘંબા તાલુકાના ચંન્દૂનગરના વેપારી દશરથભાઈ મનુભાઈ પરમાર વિરુદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ મુજબ, આરોપી દશરથભાઈએ 'ફોર્સ ક્રૂઝર-પી' (વાહન રજીસ્ટ્રેશન નં. GJ-06-BL-4611) ખરીદવા માટે કંપનીમાંથી લોન લીધી હતી. આ લોનના હપ્તાની બાકી નીકળતી રકમ પૈકી રૂપિયા ૪,૦૧,૯૯૭/ ની ચુકવણી માટે તેમણે ઈન્ડિયન ઓવરસીઝ બેંક, હાલોલ શાખાનો ચેક આપ્યો હતો. આ ચેક આઈસીઆઈસીઆઈ બેંકમાં જમા કરાવતા 'ફંડસ ઈનસફિશિયન્ટ' ના શેરા સાથે પરત ફર્યો હતો. લીગલ નોટિસ આપવા છતાં રકમ ન ચૂકવાતા કંપનીએ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. જેમાં આરોપી તરફે એડવોકેટ કે ડી મલેક હાજર રહ્યા હતા. સમગ્ર બાબતે હાલોલના એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ આર બી જોશીએ દશરથભાઈ મનુભાઈ પરમાર ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

**ધાનપુર તાલુકા પંચાયત ચૂંટણી ટાણે રાજકીય તણાવ**

## AAPના ઉમેદવારોની કાર પર હુમલો, વાસિયા ડુંગરી નજીક કાચ તોડી અફરાતફરી



(પ્રતિનિધિ) દાહોદ, તા.25

ધાનપુર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પહેલા રાજકીય માહોલ ગરમાયો છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારોની કાર પર અજાણ્યા તત્વોએ હુમલો કરતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, વાસિયા ડુંગરી નજીક રસ્તા વચ્ચે ગાડીઓ અટકાવી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ કારના કાચ તોડી નાખતા સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને પગલે ઉમેદવારો અને સમર્થકોમાં રોષ ફેલાયો છે.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

**100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન**

## ભાઠીવાડા પીએચસી સેન્ટરમાં મોબાઈલ વાન દ્વારા દર્દીઓની તપાસ કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

દાહોદ તાલુકાના ભાઠીવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના bhathiwada1,2સબસેન્ટર ખાતે 100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય કેમ્પ દરમિયાન મોબાઈલ ટીબી એક્સ-રે વાનની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં કુલ 174 શંકાસ્પદ દર્દીઓના ટીબી એક્સ-રે ટેસ્ટ કરવામાં આવ્યા. ઉપરાંત દર્દીઓ માટે વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર તેમજ



ડાયાબિટીસ જેવી વિવિધ આરોગ્ય તપાસણીઓ પણ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા ક્ષય અધિકારીશ્રી તથા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી હતી. કાર્યક્રમની સફળતા માટે આરોગ્ય વિભાગની વિવિધ ટીમો – મેડિકલ ઓફિસર, તાલુકા ટીબી સુપરવાઈઝર, પીએચસી સુપરવાઈઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO), મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (MPHW), ફીમેલ હેલ્થ વર્કર (FHW), આશા ફેસિલિટેટર તથા આશા બહેનો – એ સક્રિય સહયોગ આપ્યો હતો. આ પ્રકારના આરોગ્ય કાર્યક્રમો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ટીબી જેવી ગંભીર બીમારીની વહેલી તકે ઓળખ અને નિર્મૂલન દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે, જે "ટીબી મુક્ત ભારત"ના લક્ષ્ય તરફ દૃઢ પગલું સાબિત થશે.

## હાલોલ તાલુકાના હડબિયા ગામેથી 2.96 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડતી હાલોલ રૂરલ પોલીસ

(પ્રતિનિધિ) હાલોલ, તા.25

પ્રોહીબીશન ની પ્રવૃત્તિઓને સદંતર નેશ નાબૂદ કરવા માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું પંચમહાલ જિલ્લાના પોલીસ વડા તથા હાલોલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વી.જે.રાઠોડ ની સૂચના અને માર્ગદર્શન હેઠળ તથા ચોક્કસ બાતમીના આધારે હાલોલ રૂલર પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ.જાડેજા તથા સર્વેન્સ કોડના પીએસઆઈ જે.ડી. તરાલ પોતાની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પોલીસને હડબિયા ગામે ગેરકાયદેસર દારૂનો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળી હતી બાતમીના આધારે તાત્કાલિક હળબિયા ગામે છાપો મારતા સ્થળ ઉપરથી વિદેશી દારૂની કુલ 528 નંગ બોટલો ઝડપી પાડી હતી જેની અંદાજિત કિંમત 2,96736 આંકવામાં આવી જેમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી અને બીજો નાસી ગયેલ છે તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો અને તેને પકડવા ના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે પકડાયેલા આરોપી બળવંતસિંહ ઉર્ફે બળિયો દામસી પરમાર રહેવાસી હડબિયા ભાથીજી મંદિર વાળું ફળિયુ તથા બીજો વોન્ટેડ આરોપી વિક્રમભાઈ હરસિંગભાઈ રાઠવા રહેવાસી ચીસાડીયા તા. જી. છોટાઉદેપુર બંને સામે દારૂનો જથ્થો કબજે લઈ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## હાલોલ મેડિકલ એસોસિએશન દ્વારા બોક્સ ક્રિકેટનું આયોજન

હાલોલ : હાલોલ મેડિકલ એસોસિએશન દ્વારા બોક્સ ક્રિકેટ નું આયોજન 23 મે શનિવાર ના રોજ આયોજન સાંજે કરવા મા આવ્યું હતું જેમાં હાલોલ ના તમામ મેડિકલ સ્ટોર ના સભ્યો એ ભાગ લીધો હતો. જેની અંદર ચાર ટીમ પાડવા મા આવી હતી દરેક ટીમ મા છો છો ખેલાડીઓ ની વેચણી કરવા મા આવી હતી ટીમ ના નામ મેડિકલ ને લગતા રાખવા મા આવ્યા હતા જેવા કે ટીમ 1. રોયલ ફાર્માસિસ્ટ 2. કેપ્સુલ ક્રેસર 3. મેડીકો સ્ટ્રાઈકર 4. કેમિસ્ટ સ્ટ્રાઈકર રાખ્યા હતા. જેમાં દરેક ટીમ મા 6 ખેલાડી રમવા માટે રાખવામાં આવ્યા હતા. દરેક ટીમ ને બે-બે મેચ રમાડવામાં આવી હતી ત્યારે બાદ ચાર ટીમ મા થી વિજેતા થયેલી ત્રણ ટીમ ને સેમિ ફાઈનલ મેચ રમાડવામાં આવી હતી અને તેમાં થી બે ટીમ એટલે કે ટીમ 1.મેડીકો સ્ટ્રાઈકર અને ટીમ 2.કેમિસ્ટ સ્ટ્રાઈકર ફાઈનલ મેચ રમાડવામાં આવી હતી જેમાં મેડીકો સ્ટ્રાઈકર એ પહેલાં બેટિંગ પસંદ કરી હતી અને સારા એવા રન બનાવી ને તેઓ એ કેમિસ્ટ સ્ટ્રાઈકર ને પરાજય કર્યા હતા.

## સિંગવડ તાલુકાના કબુતરી ડેમમાંથી મૃત હાલતમાં દીપડો મળી આવ્યો

**દીપડાનું** મૃત્યુનું કયા કારણ થી થયું તેનું પીએમ રિપોર્ટ આવ્યા પછી ખબર પડશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

સિંગવડ તાલુકાના ભાણપુર ગામના કબૂતરી ડેમના પાણીમાં એક દિપડો મૃત હાલતમાં પડેલો જોવા મળતા સાકરીયા ગામના ગણપતભાઈ બારીયા દ્વારા જે પી ડામોર ફોરેસ્ટ છાપરવાડ ના



ને જાણ કરતાં રણધીપુર રેંજ ના આર એફ ઓ જે એમ રાઠોડ તથા રંધીપુર રેન્જ સ્ટાફ દેવગઢબારીયા એસીએફ બારીયા તથા ડી સી એફ મિતેશ કુમાર પટેલ ifs ની સૂચના મુજબ તાત્કાલિક જાણ તથા સ્થળ પર જઈ તપાસ કરતા મૃત દીપડાને પાણીમાંથી બહાર કાઢી સરકારી પંચોની હાજરીમાં પશુ ડોક્ટર દ્વારા પીએમ કરાવવામાં આવ્યો ત્યાર બાદ દીપડાના મૃતદેહને માતાના પાલ્લા નર્સરી ખાતે અગ્નિદાહ કરવામાં આવેલો દીપડાનું મૃત્યુનું કયા કારણ થી થયું તેનું પીએમ રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે તેમ જણાવવામાં આવ્યું હતું.